
No Pages to Display

શા. મં. બા. મં. ભેટ

બાલવિનોદ ગ્રંથાવલિ ☆ પુસ્તક આઠમું



# ચકલીનાં ઈંડાં

☆


સંપાદક : નાગરદાસ ઈ. પટેલ

ચિત્રકાર : જગમોહન મીસ્ત્રી


૭૫ પૈસા


બાલવિનોદ કાર્યાલય : ૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબાઈ : ૨

આવૃત્તિ પહેલી : ૧૯૪૫ બીજી : '૪૭ ત્રીજી : '૫૦ ચોથી : '૫૪
પાંચમી : '૫૯ છઠ્ઠી : '૬૩ સાતમી : '૬૭ આઠમી : '૭૦
નવમી : '૭૨ દસમી : '૭૪

☆

'શબ્દમાળા' ની મદદથી વાચન શીખ્યા પછી બાલકો વાંચવાનું માગે છે અને એને અનુકૂળ બહુ જ થોડાં પુસ્તકો આપણા સાહિત્યમાં છે. ૭ થી સાત વરસનાં બાલકો માટે વિવિધરંગી પુષ્કળ ચિત્રોવાળાં મોટા અક્ષરે છાપેલાં પુસ્તકોની ખૂબ જરૂર છે. એને માટે અમે **બાલવિનોદ ગ્રંથાવલિની** યોજના કરી છે.

બાલજગત એને સત્કારશે અને એનો બહોળો પ્રચાર કરશે એવી આશા છે.

સંપાદક


☆

ચકલીનાં ઈંડાં .... ૩
કાગડાની જાત .... ૧૮

☆

: મુદ્રક :
રજનીકાન્ત રા. પટેલ
રજની પ્રિન્ટરી
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

: પ્રકાશક :
સુમતિ નાગરદાસ પટેલ
બાલવિનોદ કાર્યાલય
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨




# ચકલીનાં ઈંડાં

☆

એક હતો વડ.

ઘેર ગંભીર એની ઘટા.

લાંબી લાંબી વડવાઈઓ, લીલાં મઝાનાં પાન, રાતા સુંદર ટેટા ને શીળી એની છાંય. એની ઘટામાં એક ચકલી ને એક ચકલો રહે. બેઉએ માળો બાંધેલો.




નાનાં નાનાં ડાંખળાં, સૂકાં સૂકાં પાંદડાં ને નરમ નરમ છાલથી આળો ખૂબ મઝાનો બનાવેલો.

થોડો વખત થયો ને ચકલીએ પાંચ ઈંડાં મૂકયાં. ઈંડાં ખાસાં કાબરચીતરાં ને લંબગોળ હતાં.

ચકલી એના પર બેસે ને સેવે.

બેમાંથી એક જણ ઈંડાંની સંભાળ લે ને બીજું ચારો ચરવા જાય.




પાસે નાનું તળાવ હતું. એને કિનારે એક ફરડકો મારી આવે ને પેટ ભરીને ચારો ચરી આવે.

ઉનાળાના દહાડા હતા.

ખરા બપોર થયા હતા. વન વગડામાં પશુપંખી તરસને લીધે પાણીની શોધમાં આમ તેમ ફરતાં હતાં.

એવી રીતે એક હાથી તરસ્યો થયો.

ચકલા ચકલીનું જોડુ રહેતું હતું એ




વડ પાસેનું તળાવ એણ જોયું હતું. ગાંડાની પેઠે એ દોટ મૂકીન પાણી પીવા દોડ્યો.

કમનસીબ એના રસ્તામાં વડની ડાળી આડી આવી.

એણ પોતાની સૂંઢ ઊંચી કરીન એ ડાળીએ ભેરવી અને ડાળી ખેંચી.

કડાક દઈન ડાળી ભાંગી.

હાથીએ જરાક વધારે ખેંચી ને એ તૂટીન નીચે પડી.




એને બાજુએ નાખીને હાથી દોડ્યો પાણી પીવા.

વડની ડાળી કડાક કરીને તૂટી તેની સાથે ચકલીનો માળો પણ પડ્યો. માળા સાથે ચકલીનાં ઈંડાં પણ ભોંયે પડ્યાં.

પડતાં વેંતજ એ ફૂટી ગયાં.

પોતાનાં ઈંડાં આ રીતે ફૂટવાથી ચકલી ને ચકલાએ ચીં ચીં ચીં કરી મૂક્યું.

એમનો કકળાટ જેવો તેવો ન હતો.




આ બેઉને રોતાં કકળતાં એક પોપટે જોયાં. એને એમની દયા આવી.

એણે પોતાના મિત્ર લક્કડખોદને વાત કરી. લક્કડખોદે કહ્યું: 'એમ રોવાથી શું વળે?'

'ત્યારે કરે શું?' પોપટે પૂછ્યું.

'હાથીને બતાવી આપે કે આ રીતે ઈંડાં ફોડી નાખવાં સહેલાં નથી.'

'જો ભાઈ! વાત કરવી સહેલી છે




પણ એ રીતે હાથી સામે લઢવું અઘરું છે. ક્યાં હાથી ને ક્યાં ચકલાં !'

'એનાથી ડરવાની જરૂર નથી. મારા મિત્રોની મદદથી હું એને સીધો કરી દઉં.'

'તો તો સરસ !' પોપટે કહ્યું.

બેઉ જણ ચકલી ચકલાને બોલાવી છાનાં રાખ્યાં ને બધી વાત કરી.

લક્કડખોદે મધમાખોને વાત કરી અને એમણે મદદ કરવા વચન આપ્યું.




'આ બાબતમાં આપણ હેડકાભાઈની પણ સલાહ લઈએ તો સારૂં.' મધમાખોના આગેવાને સૂચના કરી.

'હું એમને તેડી લાવું છું.' એમ કહીને લક્કડખોદ હેડકા પાસે ગયો.

એણે હેડકાને વાત કરી. હેડકાએ મદદ કરવા હા પાડી ને એની જોડે આવ્યો.

મધમાખોના આગેવાન પણ એમની સાથે થયો.



અને પછી સભા ભરાઈ.


એમાં ચકલી, ચકલો, પોપટ, લક્કડ-ખોદ, મધમાખો ને દેડકો એકઠા થઈ વિચાર કરવા લાગ્યાં.

'એવી ગોઠવણ કરીએ કે વેર લેવાય.'

'અને હાથી મરી જાય!' દેડકે કહ્યું.

'એવું જ કૈંક કરીએ.' પોપટ બોલ્યો!


અને બધાંએ શું કરવું ને શી રીત કામ લેવું તે નક્કી કર્યું.



બીજે દિવસે બપોરનો વખત હતો ને હાથી આમ તેમ ચારો ચરતો હતો.

એવામાં મધમાખો આવી ને પોતાનો ગણગણાટ શરૂ કર્યો. એમના ગુંજારવથી વાતાવરણ ભરી મૂક્યું.

એના તાનમાં હાથી ડોલવા લાગ્યો.
આંખો બંધ કરીને એ ચાલવા લાગ્યો.
સંગીતના તાનમાં એ મસ્ત બન્યો.
હાથી આંખો મીંચીને ચાલતો હતો



એ તકનો લાભ લઈને લક્કડખોદ ઊડતો ઊડતો હાથીના માથા ઉપર બેઠો.


ખૂબ ઝડપથી એણે પોતાની લાંબી ચાંચ હાથીની આંખમાં મારી.

ઉપરા છાપરી ચાંચો મારીને એણે હાથીની બેઉ આંખો ફોડી નાખી.

એણે હાથીને આંધળો કરી મૂક્યો.

એવામાં હાથીને તરસ લાગી.

આંખો જવાથી એને રસ્તો ન જડ્યો.




એ આમતેમ આડા અવળા ગોથાં ખાવા લાગ્યો.

એવામાં એને કાને અવાજ આવ્યો:

'ડ્રાઉં ડાઉં ડ્રાઉં!'

એણે વિચાર કર્યો કે દેડકાં બોલે છે ત્યાં પાણી હશે. એ તે બાજુ દોડ્યો.

દેડકાભાઈ ને એના સાથીદારોએ હાથીને આવતો જોઈ ડ્રૂં ડ્રાંઉ! ડ્રૂં ડ્રાંઉ! કરીને વન ગજાવી મૂક્યું.




હાથી તો દોડતો ગયો.

એને ખબર ન હતી કે એ ક્યાં જતો હતો!

એના મનમાં એમજ હતું કે આ દેડકા બોલે છે ત્યાં પાણી હોવુંજ જોઈએ.

એ હિસાબે હાથી આગળ વધતો હતો. એ રીતે ચાલતો ચાલતો એક મોટા ખડકને કિનારે આવી પહોંચ્યો.

એ ખડકની બાજુમાંજ ઊંડી



ખાઈ હતી.


એ ખૂબ ઊંડી હતી.

આંધળો હાથી ખડક પરથી ખીણમાં પડ્યો. આવું ભારે શરીર, છેક ઊંચે ખડક ઉપરથી પડે પછી તે કૈં જીવ રહે ખરો!

એ પડ્યો તેવો એનો જીવ જતો રહ્યો.

હાથી મરી ગયો.

થોડી વાર પછી એના મડદા આગળ બીજી સભા ભરાઈ.




'તમારી બધાંની મદદ હતી તો આ થઈ શક્યું, બાકી અમારું આટલું ગજું નહિ.' ચકલી બોલી.

'અમે અમારી ફરજ બજાવી છે.' લક્કડખોદે કહ્યું. 'સંપ એ મોટું બળ છે.'

પોતાની યોજના સફળ થઈ તેથી રાજી થતાં સૌ પોતપોતાને ઘેર ગયાં.

☆




# કાગડાની જાત

☆

ગંગાનદીના રળિયામણા કાંઠો અને કાંઠા ઉપર વિશાળ વડલો. ઘેરી એની ઘટા. એ ઘટામાં એક કાગડો રહે.

કાગડાભાઈ પણ જોવા જેવા. એક આંખે કાણા અને એક પગે લૂલા. કાળા કાળા મેસ

જેવા. એમની ખોડનો બદલો ભગવાને જીભમાં વાળી આપેલો.




આખો દહાડો બોલ્યા કરે: 'કૉ કૉ કૉ.'

દક્ષિણ દેશમાંથી ચાર રાજહંસ માન સરોવરે જવા નીકળેલા તે એક દહાડો સવારે પેલા વડ ઉપર આવીને બેઠા. લાંબો પંથ કાપેલો તે એમને થાક લાગ્યો હતો.

માન સરોવરના રઢિયાળા રાજહંસ. સફેદ દૂધ જેવી પાંખો. કાગડાભાઈ જેવા કાળા તેવાજ હંસો ઉજળા. કાગડાભાઈની એમના ઉપર નજર પડી. એમણે તો કૉ કૉ કૉ કરવા ને વડની આજુબાજુ ઉડવા માંડ્યું.

ઘડીકમાં એકાદી ડાળે બેસે, પોતાની




ડોક આમ ફેરવે તેમ ફેરવે અને આડું જુએ ને અવળું જુએ.

'આ વળી કોણ આવ્યું છે?' કાગડાએ ટહુકો કર્યો.

હંસોએ કાંઈ જવાબ ન આપ્યો એટલે કાગડો પોતાની જાત ઉપર ગયો. ધીરે રહીને એ હંસો ઉપર ચરક્યો. નાના હંસ પર ચરક પડી તે એણે ઊંચે જોયું.

કાગડાને જોઈતી તક મળી. એણે પૂછ્યું: 'કોણ છો તમે? ક્યાંથી આવ્યા છો? અહીં કેમ બેઠા છો?'

હંસોએ જવાબ ન આપ્યો. એમણે કાગડાની દરકાર કરી નહિ. એટલે તો



કાગડાને તાન ચઢ્યું. જોરશોરથી એણે કૉ કૉ કૉ કરવા માંડ્યું.

'કેમ કંઈ ફાટતા નથી? બોબડી બંધ થઈ ગઈ છે કે શું? કોણ છો તે તો ખબર પડે!'

કાગડાની તિરસ્કારવાળી વાણીથી કંટાળીને એક હંસ બોલ્યો: 'અમે છીએ રાજ-હંસો અને જઈએ છીએ માનસરોવરે. લાંબેથી આવ્યા છીએ તે થાક ખાવા બેઠા છીએ.'

'લાંબેથી તે કેટલે? આવી મોટી લાંબી પાંખો તો છે પણ બરાબર ઊડતાં આવડે છે કે? હાથીના દાંતની પેઠે શોભાની પાંખો તો નથી ને!'

હંસોએ જવાબ ન આપ્યો પણ એમનામાં એક જુવાન હંસ હતો તેને કાગડાની આવી હલકાઈથી લાગી આવ્યું અને એણે પોતાની ડોક ઊંચી કરી.

'આમ ઊંચા નીચા શાના થાવ છો?' કાગડો બોલ્યો. 'આવી જાવ જો હિંમત હોય તો. મને તો એકાવન ઊડ આવડે છે. શું સમજ્યા રાજા! એકાવન ઊડ! કૈં સમજાય છે ખરું?'


કાગડાની એકાવન ઊડ! એ એની પોતાની શોધ હતી. ડોક ઊંચી રાખીને ઊડે તે પહેલી ઊડ! ડોક નીચી રાખીને ઊડે તે બીજી ઊડ. ચાંચ નીચી રાખે તે ત્રીજી ઊડ. એક પગ ઠરડાતો રાખે તે ચોથી ઊડ. એમ જાત

જાતની ઊડવાની રીતો કાગડાએ પોતેજ નક્કી કરેલી અને વડની ચારે બાજુએ અજમાવેલી.



કાગડાને તાન ચડ્યું. પોતાની છાતી ફૂલાવીને એ હંસો પાસે જઈને કહેવા લાગ્યો: 'આવી જાવ, મારી સામે જો તમારી તાકાત હોય તો! આવડી મોટી પાંખ રાખીને ફરો છો પણ ઊડવાની આવડત તો કૈં જણાતી નથી. તમારી પાંખો તો હાથીના દાંતની પેઠે શોભાની જ લાગે છે! છેજ સાવ શોભાની.'

કાગડાના બકવાદની ત્રણ હંસોએ દરકાર કરી નહિ પણ પેલા જુવાન રાજહંસનો મિજાજ ગયો. કાગડાને પોતાનું પાણી બતાવવાનું એને મન થયું. એણે કાગડાને




જવાબ દીધો: 'અરે કાગડાભાઈ! અમને તો એકાવન નહિ પણ એક ઊડ તો આવડે છે.'

'શુ બોલ્યા મહેરબાન! એક ઊડ! ઓહો આવડી મોટી પાંખો ને એકજ ઊડ!'

'હા ભાઈ! એકજ ઊડ. એની હરીફાઈમાં ઉતરવું હોય તો ચાલો.' હંસે કહ્યું.

'આપણી ક્યાં ના છે!' કાગડો બોલ્યો.




'પણ એકજ ઊડ! ક્યાં એક અને ક્યાં એકાવન!'

અને બેઉ જણ ઊડવા માંડ્યું. આગળ કાગડો અને પાછળ હંસ.

કાગડાની એકાવન ઊડ વડની આજુ-બાજુ પુરી થતી, પણ આજે તો હંસ સાથે હરીફાઈ હતી એટલે એણે ગંગા નદીના વિશાળ પટ તરફ ઊડવા માંડ્યું.

કાગડો આગળ અને હંસ પાછળ. ઊડ્યાજ કરે. થોડે દૂર ગયા એટલે કાગડે પાછું વાળીને હંસ તરફ જોયું. હંસ શાંતિથી ઊડતો હતો. એની ગતિ હતી ધીર અને ગંભીર. જરા દૂર ગયા એટલે કાગડો પાછો ફરીને હંસને કહેવા લાગ્યો:

'જુઓ ભાઈ! થાક્યા હોય તો કહી દેજો અમને તો મહાવરો પડી ગયો તે ઊડવાનો વાંધો નહિ, બાકી તમે રહ્યા




અજાણ્યા એટલે શરમમાં ન રહેતા, શરમાશો તો કરમાશો, થાક્યા હો તો પાછા ફરીએ.'

'ના રે ના! ઊડ્યે રાખો.' હંસ બોલ્યો.

બેઉ જણા ઊડવા લાગ્યા.

કાગડો આગળ અને હંસ પાછળ. જાય રે ઊડ્યા!

થોડે ગયા એટલે કાગડાએ ફરીથી પાછા ફરીને કહ્યું: 'કહી દેજો ભાઈ! થાક્યા હોય તો પાછા ફરીએ. તમારે અમારો વાદ નહિ! અમે રહ્યા રોજના ટેવાયલા.'



'ઊડ્યે રાખો.' હંસે ટુંકો જવાબ આપ્યો.

કાગડાએ ઊડ-વાનું ચાલુ રાખ્યું.

પણ હવે તો કાગડાભાઈ પોતેજ થાકી ગયા. હું થાકી ગયો છું માટે પાછા ફરો એમ હંસને શી રીતે કહેવાય! એ તો ધીરે રહીને પાછુ જુએ ને રાજહંસને કહે કે 'થાક્યા હોય તો કહેજો.'

હંસે જવાબ આપ્યો: 'ઊડ્યે રાખો.'

છેવટે કાગડો ઘણો થાકી ગયો. એ પાણીની સપાટી નજીક આવ્યો. એની પાંખો પાણીને અડવા લાગી. 'આ તો બાવનમી ઊડ લાગે છે!' હંસ બોલ્યો.



કાગડાની શક્તિ ઘટી ગઈ. એની ચાંચ અને માથું પણ પાણીમાં આવ જા કરવા લાગ્યાં.

'અને આ ત્રેપનમી ઊડ કે શું!' હંસે પૂછ્યું. 'આ ઊડ ભારે વસમી લાગે છે!'

છેવટે નિરૂપાયે કાગડે કહ્યું: 'બાપુ!



આ બાવનમી કે ત્રેપનની ઊડ નથી પણ મારા જીવનની છેલ્લી ઊડ છે.'

હંસને દયા આવી. એણે કાગડાને પોતાની પીઠ ઉપર લઈ લીધો અને કહ્યું: 'કાગડાભાઈ! તમારી ઊડ જોઈ લીધી, હવે ધ્યાન રાખીને બેસજો ને મારી એક જ ઊડ જોજો.'

એમ કહીને રાજહંસ તો ઊડ્યો. એ તો હતી હંસની ઊડ! છેક દક્ષિણ દેશથી હિમાલય પર્વત ઓળંગીને માનસરોવર સુધી ઊડનાર હંસની ગતિ ક્યાં અને એક ડાળેથી બીજી ડાળે ઊડનાર કાગડાની ગતિ ક્યાં!

ગંગા નદીના વિશાળ પટ વીંધીને હંસ




કાગડાને સામે પાર લઈ ગયો અને ત્યાંથી મોટું ચક્કર લગાવી ઊંચે ઊડ્યો. વિશાળ આકાશને જાણે માપી લેતો હોય તેમ એ રાજહંસ ખૂબ ઊંચે ઊડ્યો. કાગડે નીચે નજર કરી તો એનો વડ નાના સરખા ઝાડવા જેવો દેખાતો હતો.

રાજહંસ ધીરે ધીરે નીચે ઉતર્યો અને પેલા વડ પાસે આવ્યો.

વડ નજીક દેખાયો કે કૉ કૉ કૉ કરતો કાગડો રાજહંસની પીઠ ઉપરથી ઊડી ગયો.

હંસ પોતાના સાથી પાસે જઈને બેઠો.

તમે જાણીને નવાઈ પામશો પણ એ કાગડો ધીરે રહીને ફરી પાછો હંસ ઉપર ચરક્યો!



આખર કરે પણ કાગડાની જાત! અને તેમાંયે એ તો કાણિયો!

રાજહંસોને એની દરકાર ન હતી. થોડી વારે એ પોતાને પંથે પડ્યા.

કાગડે પોતાનું સંગીત શરૂ કર્યું:

'કૉ કૉ કૉ કૉ કૉ.'

☆

## ☆ બાલવિનોદનાં પ્રકાશનો માટે ☆

# વિદ્વાન વિવેચકો શું કહે છે !

☆

બાળકોના પાઠ્ય પુસ્તકો સિવાયના વાંચનને માટે આવું વિસ્તૃત બાલસાહિત્ય યોજનાબદ્ધ ઉપજી શક્યું છે, એ સફળતા જેવી તેવી નથી જ. પુસ્તકમાળાઓનો બાહ્યઆકાર–Get-up પણ આંખે ઊડીને વળગે એવો આકર્ષક છે. અને બાળકો પ્રથમ તો આકર્ષક વસ્તુ માગે છે. **રમણલાલ વસંતલાલ દેસાઇ એમ એ.**

☆

સુશોભન અને સંખ્યાબંધ ચિત્રો તેમ જ આકર્ષક રૂપરંગના વિષયમાં 'બાલવિનોદમાળા'નાં પુસ્તકો આપણા બાલસાહિત્યના અત્યાર સુધી પ્રગટ થયેલા ગ્રંથોમાં સહેજે પહેલું સ્થાન લઈ જાય તેવાં છે. **જ્યોતિન્દ્ર હ. દવે એમ એ.**

☆

બાલવિનોદમાળાનાં રમકડાં જેવાં રૂપાળાં પુસ્તકો બાલકોમાં ખૂબ લોકપ્રિય છે. પુસ્તકોનાં રૂપરંગ આ જાતની ઈંગ્રેજી ચોપડીઓની બરોબરી કરે તેવાં છે. **નવલરામ જ. ત્રિવેદી એમ. એ.**

☆

શક્ય તેટલું વૈવિધ્ય જાળવવાનો સફળ પ્રયાસ આ રૂપરંગે સોહામણાં લઘુ પુસ્તકોમાં મૂર્ત થયો છે. પુસ્તકોનો ઉઠાવ બાલકોને પસંદ પડી જાય તેવો મોહક કરવાની તેમજ બાલમાનસને અનુકૂળ સામગ્રી પીરસવાની દૃષ્ટિ તથા આવડત આ માળાના સંપાદકોમાં છે એ તો સહેજે કળાઇ જાય છે. **અનંતરાય રાવળ એમ. એ.**

☆

આકર્ષક રૂપરંગ, મનોહર ઉઠાવ, સંખ્યાબંધ સંવાદી ચિત્રો, આંખને ઊડીને વળગે એવું સ્વચ્છ મુદ્રણ અને તે સાથે બાળકો સમક્ષ રજૂ થતાં વાસ્તવદર્શન અને વિષય વૈવિધ્ય ઇત્યાદિ તત્ત્વોને લઇને શ્રી. નાગરદાસ ઇ. પટેલ સંપાદિત પુસ્તકોએ આજના બાલજગતને કબજે કર્યું છે એમ કશી પણ અતિશયોક્તિ વિના કહેવું પડશે. **હરિલાલ પંડ્યા એમ. એ.**